


# બીડિંગ ફુટ

આ ટ્યુટોરીયલમાં, તમે ઉષા જેનોમ બિડિંગ ફુટનો ઉપયોગ કરીને મણકાના તાર વડે સુશોભન કેવી રીતે કરવું તે શીખશો.





તમે કેટલી વખત કપડાઓ અને એક્સેસરીઝ પર મણકાઓ જડેલ જોયા હશે અને તેવું કરવા માટે ઉત્સુક થયા હશો, પરંતુ એક-એક મણકાને જોડવાની માથાકૂટ વગર? આ રહ્યાં તમારો જવાબ. આ ટ્યુટોરિયલમાં, તમે બસ એ જ શીખશો - ઉષા જેનોમ બીડીંગ ફુટનો ઉપયોગ કરીને મણકાની દોરીઓ વડે જડવાનું કામ.

ઉષા જેનોમ બીડીંગ ફુટ વડે તમે કોઈપણ પ્રકારના મણકા - લાકડાના, કાચના, મોતી - વગેરે સીવી શકો છો, પણ જ્યાં સુધી મણકાનું માપ 2.5 એમએમ અને 4.0 એમએમની વચ્ચે હોય. શું તમે તે જોવા માટે આતુર છો કે તે એટલું સરળતાથી કેવી રીતે થઇ શકે. તો ચાલો શરુ કરીએ.

આ ટ્યુટોરિયલ માટે તમને જોઈશે: ઉષા જેનોમ બીડીંગ ફુટ, મણકા જડવાની પ્રેક્ટીસ કરવા માટે કપડાનો ટુકડો, બીડેડ લેસ, કોર્ડ (2.5 થી 4 એમએમ વચ્ચેના વ્યાસના મણકા), પારદર્શક દોરી અને કાતરની એક જોડી. કપડાંના ટુકડા ફરતે બીડ લેસ

સ્ટ્રીપ મુકો અને માપ પ્રમાણે કાપી લો. બિડિંગ ફુટનો ઉપયોગ કરો, જેમાં બે અટેચમેન્ટ છે. તમારા નોર્મલ પ્રેશર ફુટ પર સ્નેપ કરીને તેને બિડિંગ ફુટ વડે બદલો.




આ રીતે મણકાની પંક્તિને બિડિંગ ફુટના ખાંચાની નીચે મુકો. ઝિગઝેગ સ્ટીચ પસંદ કરો, સ્ટીચ પહોળાઈને 4 પર રાખો અને સ્ટીચ લંબાઈને 2.5 કરો.

સ્ટાર્ટ દબાવો, સ્પીડ ધીમી રાખો અને મણકાની સીધી રેખા સાથે સ્ટિચ કરવાનું શરૂ કરો. તમે જોશો કે ફેબ્રિક પર મણકાને સુરક્ષિત કરવા માટે સોય કેવી રીતે ક્રિસ્ક્રોસ ફેશનમાં આગળ વધે છે.

જયારે તમે છેડે પહોંચો ત્યારે દોરાને કાપી લો અને તમારા મણકા જડેલા નમૂનાના પહેલા ટુકડાનું નિરીક્ષણ કરો - શું તમે ખુશ ન થઈ ગયા! મને ખાતરી છે કે હવે તમે તમારા એ પ્રોજેક્ટસ પર હાથ અજમાવવા માટે ઉત્સુક હશો જેમાં તમે મણકાઓ જડવા માટે આતુરતાથી રાહ જોતા હતા. મણકા સાથે બનેલા આ નેકપીસને જુઓ - છે ને તે એકદમ અદભૂત!

તમે એક્સટ્રા ડિઝાઈન એલિમેન્ટ માટે દોરાને બદલે કોર્ડનો ઉપયોગ પણ કરી શકો છો. એકવાર તમે માર્કેટમાં ફરીને વિવિધ પ્રકારનાં કોર્ડ્સ અને મણકાઓનું અવલોકન કરશો તો તમને ખ્યાલ આવશે કે તમે આ ફુટના ઉપયોગ વડે શું-શું કરી શકો છો. તમે આ ફુટના અટેચમેન્ટનો ઉપયોગ ફેબ્રિક અથવા તમારી પસંદની કોઈપણ એક્સેસરીઝ પર મણકાઓ તેમજ